# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯ (A) તા.૫-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :- નદીઓના બન્ને કિનારે વૃક્ષો વાવીએં "Rally For Rivers".**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, "Rally For Rivers" India's Lifeline દ્વારા અભિયાન અંતર્ગત પર્યાવરણની જાળવણી, જાગૃતિ માટે જણાવેલ છે કે નદીઓ પ્રાચીનકાળથી આપણા જીવનનો એક મહત્વપૂર્ણ અંગ રહી છે પરંતુ બારમાસી નદીઓ ધીરે ધીરે મોસમી બની રહી છે. જો આપણે વિચારીએ કે નદીઓ શા માટે સુકાઇ રહી છે, તો આપણને જણાશે કે જંગલોનો વિનાશ એ મુખ્ય કારણો પૈકીનું એક કારણ છે. વૃક્ષો એ વરસાદી પાણીને જમીનમાં જામવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ જ્યારે વૃક્ષો ના હોય ત્યારે વરસાદી પાણી વહી જાય છે અને પૂર આવે છે અને ઉનાળામાં પણ નદીઓ સુકાઇ જાય છે જેના લીધે દુકાળ પડે છે. નદીઓને પુનર્જીવિત કરવા માટે મુખ્ય નદીઓના બન્ને કિનારે વૃક્ષો વાવવા ખૂબજ જરૂરી છે.

તા.૬/૯/૧૭ના રોજ પ્રાર્થના સભામાં દરેક મુખ્યશિક્ષકોએ નદીઓનું મહત્વ સમજાવી, શાળાના તમામ વિદ્યાર્થીઓને, વાલીઓને, તેમજ શિક્ષકોને નીચે મુજબની પ્રતિજ્ઞા જમણો હાથ ઉંચો કરીને લેવડાવે. તેનો એક ફોટો તમારા બિટ સુપરવાઇઝરને મોકલી આપવો. બિટ સુપરવાઇઝરશ્રીએ ,નાયબ શાસનાધિકારી, ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુરને મોકલી આપશે. આપણે બધા એન.જી.ઓ. "Rally For Rivers ના અભિયાનને આગળ વધારીએ

પ્રતિજ્ઞા "આપણી નદીઓને પુનર્જીવિત કરવા માટે અમે પ્રતિજ્ઞા લઇએ છીએ કે મુખ્ય નદીઓના બન્ને કિનારે એક કિલોમીટરના વિસ્તારમાં વૃક્ષો વાવીશું"

તા. ૫-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી